સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સહન કરે, જિંદગીભર, સૂમ થઈ જાય છે,
ને મોઢું ખોલે એનું અસ્તિત્વ ગૂમ થઈ જાય છે.
બૂમ થઈ જાય છે જિંદગી ચિત્કાર ભરી ચીસ -
કચડાઈ જાય કળી કોર્ટમાં ધૂમ થઈ જાય છે.
(અદૃશ્ય થઈ જતી મહિલાઓ...)

હાઈકુ

કરે નાટક
નાટકિયા નેતાઓ -
રાવણ બની...
(આપે આશ્રય - અશોકવાટિકામાં)

કરે સંકેત,
સાયળ બતાવીને -
કરે સુરક્ષા!!
(દયાળુ દુર્યોધનો...)

ચિંતન

પાવનરૂપી રામ હૈ, સબ ઘટ રહા સમાય;
ચિત ચકમક લાગે નહીં, ધૂંવા બિહિ બહિ જાય

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

પાવકનો એક અર્થ છે અગ્નિ અને પાવકનો બીજો અર્થ છે પાવન કરનાર. સદ્‌ગુરુ કબીર રામને અગ્નિરુપ કહે છે. રામનું નામ અને અગ્નિ બંને પાવક એટલે પવિત્ર કરનાર છે. અગ્નિની એક ચિનગારી જયાં પડે ત્યાં બધું ભળીને ભસ્મ થઈ જાય છે. એવું જ રામનામનું છું. રામનારરૂપી એક ચિનગારી ચિત્તમાં પડે તો મનુષ્યનાં બધા પાપનો નાશ થઈ જાય છે, પણ ચિત્તમાં જો રામનામની ચિનગારીથી જ્ઞાનરુપી આગ ન પ્રગટે તો જેમ બધું ધૂંધવાતું રહે છે તેમ મનુષ્ય ઘડીભર રામનું નામ જપ પછી વિષય વિકારમાં રાચ્યા કરે તો તેના ચિત્તમાં રામનામની ચિનગારી પ્રગટવાને બદલે ધૂણી - ધૂમાઓ જ ફેલાય એટલે કે સંકલ્પ - વિકલ્પ અને ઉદ્વેગ જ ઉત્પન્ન થાય.

આતમરામની પાવકતાનો ખ્યાલ અહોનિશ નજર સમક્ષ રાખી સર્વે કાર્યો કરવાથી મનુષ્યનાં તમામ પાપો બળીને ભસ્મ થઈ જાય છે.

સુવિચાર

- આપણી જન્મકુંડળી કઢાવવાની સાથે જ પહેલો પ્રશ્ન એ પૂછવાનો રહે છે, અમારો માણસ થવાનો યોગ કયારે લખાયો છે - **જનકલ્યાણ**
- આખી નદી તરી આવેલો માણસ પ્રશંસાના ખાબોચિયામાં ડૂબી જાય છે - **મુંબઈ સમાચાર**
- નદી પાસે પાણીનો ઘડો ડંફાસ મારે ત્યારે નદી તો વહેલી જ હોય છે - **સુરેશ દલાલ**
- પોતાનો અવાજ સાંભળવાનાં સુખ માટે દલીલો ન કરાય, તત્ત્વજ્ઞાન એ બુદ્ધિનો પ્રપંચ નથી, પણ બુદ્ધિની પારની ચીજ છે જેનો સંબંધ પ્રજ્ઞા સાથે છે - **ફાધર વાલેસ**
- બહુ જૂજ લોકો વિચારતા હોય છે, પરંતુ દરેક લોકો મંતવ્ય આપી શકતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આવતીકાલે સૂર્યોદય થવાનો છે, એવા વિશ્વાસને કારણે જ સૂર્યાસ્ત સમયે કોઈ કલ્પાંત કરતું નથી - **ઈશિતા**
- આજનું ઔષધ : ભાંગરાના પાન વાટીને જીવજંતુ કે વીંછીનાં ડંખ ઉપર ઘસવાથી તરત પીડામાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બંગાળના માલદા શહેરના બગીચામાં એક પઠાણ યાત્રી આરામ કરવા બેઠો. થોડીવારમાં ઊઠી ને ચાલ્યો ગયો.

એક નાનો છોકરો પણ ત્યાં કંઈક કુદરતી ચિત્ર દોરવામાં વ્યસ્ત હતો. એણે જોયું તો પેલો પઠાણ જતી વખતે એની થેલી ત્યાં જ ભૂલી ગયો હતો.

થેલીમાં ઘણા બધાં રોકડા રૂપિયા હતા. છોકરો સમજી ગયો કે જરૂર આ થેલી પેલા પઠાણની જ હશે. થેલી લઈ છોકરો પઠાણની શોધમાં નિકળ્યો. બગીચાની બહાર પેલો પઠાણ પણ હાંફળો ફાંફળો થેલી શોધતો બગીચા તરફ આવતા જોયો. બૂમ પાડીને છોકરાએ કહ્યું, 'ચાચા, તમારી થેલી સહ સલામત મારી પાસે છે.'

થેલી મળતા પઠાણ ખુબ ખુશ થયો. તેણે છોકરાને કહ્યું, 'આટલા બધા રૂપિયા જોઈને તને લોભ ન થયો ?'

છોકરાએ જવાબ આપ્યો, 'હું એવું શીખ્યો છું કે પારકા ધનને માટી બરાબર માનવું. એટલે આ રૂપિયા ભરેલી થેલી મારે શું કામની ?'

ખુશ થઈ પઠાણે તેણે બક્ષિસ આપવાની કોશિશ કરી તો તે પણ છોકરાએ ન લીધી અને કહ્યું.

'નીતિનું પાલન કરવામાં તે વળી ઈનામ શેનું ?'

આ છોકરો મોટો થઈને ખ્યાતનામ ન્યાયધીશ વિવેક બેનર્જી બન્યો.

એનડીએમાં ભંગાણનો આરંભ

વર્તમાન મુખ્યમંત્રી ડૉ. ચંદ્રાબાબુ રેડ્ડી અને અન્ય લોકોએ આંધ્ર પ્રદેશના વિભાજનનો સખત વિરોધ કરવા છતાં તેલંગાણા આંદોલન એટલું જલદ હતું કે તત્કાલીન મનમોહન સરકારે નમતું જોખવું પડ્યું હતું. એથી ખુદ કોંગ્રેસના ઘણા સાંસદો નારાજ થયા હતા કારણ કે અખિલ આંધ્રપ્રદેશને બદલે હવે એમને હૈદરાબાદ સિવાયના કાંઠા વિસ્તારનાં બંદરો અને ગ્રામીણ ક્ષેત્ર પૂરતા સીમિત થઈ જવાનું હતું. હૈદરાબાદ તેલંગાણામાં જતાં આંધ્ર માટે નવી રાજધાની પણ રચવી પડે એમ હતી. તેલંગાણાના સ્વપ્નદ્રષ્ટા ચંદ્રશેખર રાવ આજકાલ કોંગ્રેસ અને ભાજપ બેઉથી અલગ ત્રીજો મોરચો રચવાનાં સપનાં જોઈ રહ્યાં છે. મૂળે આંધ્રપ્રદેશની સમગ્ર અસ્મિતા બે મોટા ગજાના રાજનેતાઓ પર આધારીત રહી છે. 'આંધ્ર બિડ્ડા' - આંધ્ર માતાના લાડલા તરીકે જાણીતા પી.વી. નરસિંહરાવે દેશનું સુકાન સફળતાપૂર્વક સ્વીકાર્યું અને સંભાલ્યું હોવા છતાં ખુદ એમની જ પાર્ટીએ એમનું સન્માન ન સાચવ્યું એથી કોંગ્રેસ તરફ આંધ્રપ્રદેશમાં અભાવની સ્થિતિ સરજાઈ હતી. રાજીવ ગાંધીએ ઍરપોર્ટ પર એમનું સ્વાગત કરવા આવેલા મુખ્યમંત્રીને ખખડાવી નાખેલા એથી ઘાયલ થયેલ આંધ્ર અસ્મિતાને એન.ટી. રામારાવ જેવા ફિલ્મ જગતના મહાનાયકને રાજકારણમાં ઊતરવાની ફરજ પાડી હતી. એમના તેલુગુ દેશમ પક્ષના રાજકીય વારસદાર અને જમાઈરાજ ડૉ. ચંદ્રાબાબુ નાયડુ પોતે ખૂબ જ મહત્ત્વાકાંક્ષી રાજકારણી છે. હાલની આંધ્ર સરકારમાં ૧૦૨ ધારાસભ્યો સાથે તેઓ સ્પષ્ટ બહુમતી ધરાવે છે. એમની સીધી સ્પર્ધા કોંગ્રેસના તત્કાલીન પ્રાદેશિક નેતા વાય.એસ.આર. ચંદ્રશેકર રેડ્ડી સાથે હતી. કાલાન્તરે વાય.એસ.આરનું અકાળ અવસાન થતાં એમના પુત્રે મુખ્યમંત્રીપદની અપેક્ષા રાખેલી, જે કોંગ્રેસ હાઈકમાન્ડે

તંત્રીસ્થાનેથી...

માન્ય ન રાખતાં તેણે નવો પ્રાદેશિક પક્ષ રચી પિતાની ગુડવિલનો રાજકીય લાભ ઉઠાવવા પ્રયાસ કર્યો હતો. અત્યારે આંધ્રપ્રદેશમાં સીધી હરીફાઈ આ જગમોહન રેડ્ડીના વાયએસઆર કોંગ્રેસ અને ચંદ્રાબાબુની તેલુગુ દેશમ પાર્ટી વચ્ચે છે. ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન રચીને ડૉ. ચંદ્રબાબુ નાયડુ વાજપેયી સરકારની જેમ મોદી સરકારમાં પણ એનડીએના ઘટક પક્ષ તરીકે માનભર્યું સ્થાન ધરાવતા હતા. ગત લોકસભાની ચૂંટણી વખતે મોદીએ આંધ્રને વિશેષ રાજયનો દરજ્જો આપવાનું વચન પાળી શક્યા નથી. ચંદ્રાબાબુએ ૨૯ વાર વડાપ્રધાનને રૂબરૂ મળવા પ્રયાસ કર્યો પરંતુ એમને સમય ફાળવાયો નહીં. આ બધું એટલા સારું બન્યું કે મોદી સરકાર આંધ્રને વિશેષ રાજયનો દરજ્જો આપી શકવાની સ્થિતિમાં જ નહોતી. જો આંધ્રને વિશેષ દરજ્જો આપવા જાય તો બિહાર સહિત અનેક પછાત રાજયો એ માગ સાથે પહેલાંથી જ લાઈનમાં લાગેલાં છે, અને એથી કેન્દ્ર પર બહુ મોટું આર્થિક ભારણ આવે એમ છે. આથી મોદીએ જેટલી મારફત આંધ્રને વિશેષ પૅકેજ આપવાનો સંદેશો આપી વાતને વીંટો વાળી દેતાં ચંદ્રાબાબુ નાયડુએ કેન્દ્ર સરકારમાંથી પોતાના બો મંત્રીઓને પાછા બોલાવી લીધા છે. વળતા જવાબ લેખે ભાજપે આંધ્ર સરકારમાંથી પોતાના બે મંત્રીઓ પાસે રાજીનામું અપાવી દીધું છે. ભાજપ વાય.એસ.આર કોંગ્રેસ સાથે વાટોઘાટો કરી રહ્યું છે તેની નાયડુને ખબર છે. એથી એમણે વ્યૂહાત્મક રીતે હજી એનડીએ સાથેનું જોડાણ ચાલુ રાખવાની વાત કરી છે. જોકે પરિસ્થિતિ એટલી પ્રવાહી છે કે એનડીએ સાથે એ કેટલું ખેંચી શકશે તે પ્રશ્ન જ છે. શિવસેના જેવી સમાન વિચારધારાવાળી સહયોગી પાર્ટી પછી તેલુગુ દેશમ પણ એનડીએમાંથી અલગ પડે તો સ્વાભાવિક રીતે જ એને મોટો રાજકીય ફટકો પહોંચે એમ છે.

સ્ત્રી હૃદયના ગાંધીને મહિલાઓ નિસંકોચ પોતાની વાત કહી શકતી

સામાન્ય રીતે સ્ત્રી અને પુરુષના એકબીજાને પસંદ કરવાના અથવા તો ચાહવાના કારણો અનેક હોઈ શકે પરંતુ મહત્ત્વનું એક કારણ એ છે સ્ત્રીઓ પુરુષોને પુરુષોચિત ગુણોને ધ્યાને લે છે. તો પુરુષો સ્ત્રીઓના સ્ત્રીઅત્વના ગુણોની નોંધ લઈને ચાહે છે. પરંતુ ગાંધીજીની બાબતમાં જો કહીએ તો આ વિધાન સાચું નથી. આ વિધાન સત્યની વિરુદ્ધનું છે એમ આપણે કદીએ તો એમાં ગાંધીજીના અનુયાયી તરીકે કાર્યરત વિદેશી સન્નારી શ્રીમતી પોલાર્કે સરસ મજાની વાત બાપુ વિશે કરી છે. તેમણે કહ્યું છે : 'ગાંધીજીને તેમના પુરુષોચિત્ત ગુણો માટે નહીં પણ ધીરજ, પ્રેમ, દયા, ભક્તિ, મૃદુતા, સહનશીલતા અને ઊંડી શ્રદ્ધા જેવા સ્ત્રી સહજ ગુણો માટે અસંખ્ય સ્ત્રીઓ ચાહતી હતી.'

ગાંધીજીમાં સ્ત્રીનું હૃદય હતું. તેથી સ્ત્રી પોતાના દિલની વાત વિના સંકોચે તેમને કહી શકતી હતી. વિશ્વ મહિલા દિવસ ૮મી માર્ચે ઉજવાઈ ગયો પરંતુ શાશ્વત ગાંધીના મહિલાને સમાનતા મળે અને સાથોસાથ એક માનવી તરીકે સ્ત્રીને સમાજ સમજતો થાય એવા ગાંધીના જીવનભરના પ્રયાસોની નોંધ લેવી આજે ય જરૂરી લાગે છે. આજના લેખમાં ગાંધીજીના 'પડદા પ્રથા' વિરુદ્ધના વિચારો પ્રસ્તુત છે.

પડદાનો અર્થ લજ્જા, મર્યાદા, વિવેક છે. પણ બહારથી દેખાવનો પડદો રાખી અને મન મેલું હોય તો તે પડદો શા કામનો ? એવો સવાલ કરતાં ગાંધી લખે છે, આપણે ત્યાં બહેનોને લાજ કાઢવા કહે છે. આ લાજનો સાચો અર્થ જુદો જ છે. લાજ એટલે મર્યાદા. જેને હૃદયની મર્યાદા હોય તેને લાજ - પડદો શો ? અને બહેનોએ પુરુષોની શા માટે લાજ કાઢવી જોઈએ ? પુરુષો શુધ્ધ હૃદયના છે અને બહેનો નથી ? સાચું પૂછો

પડદા પ્રથા સામે મહાત્માનો સજ્જન વિરોધ

તો બહેનો જેટલી પવિત્ર અને શુદ્ધ હૃદયવાળી નીકળશે તેટલા પુરુષો નથી. આ આપણી સામાજિક બદી જયારે દૂર થશે ત્યારે જ બહેનો આગળ આવશે.

પડદો કેવળ વહેમ જ નથી, એમાં એ મને પાપની ગંધ આવે છે. પડદો કોનો રાખીએ ? પુરુષ માત્ર વિષયાસક્ત છે શું ? સ્ત્રીઓ પોતાની પવિત્રતા પડદા વિના નહીં રાખી શકે શું ? પવિત્રતા માનસિક વસ્તુ છે, બધા પુરુષોમાં તે સહેજે હોવી જોઈએ. આ બુદ્ધિપ્રધાન યુગમાં સ્ત્રી પોતાના ધર્મની રક્ષા કરવા ચાહતી હોય તો તેણે દરિદ્રનારાયણની સેવા કરવી જોઈએ, શિક્ષણ લેવું જોઈશે. દરિદ્રનારાયણની સેવા કરવાનો અર્થ ખાદીપ્રચાર, કાંતવું વગેરે. હરિજનસેવાનો અર્થ અસ્પૃશ્યતાનું કલંક ધોવું. એ બે મોટા ભગવાનના કાર્યો છે. અને વિદ્યા પ્રાપ્ત કરવાનું કાર્ય પડદો રાખવાની સાથે કદી પણ ચાલી શકતું નથી.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

પડદો રાખવો હોય તો સાચો પડદો દિલમાં રાખવો જોઈએ. ખોટો પડદો કાઢો. બહારથી પડદો રાખો અને મનમાં વિકારો ભર્યા હોય તો તે પાપ છે. એવી લાગણી ગાંધી વ્યક્ત કરે છે.

પડદો નીતિનો પોશાક નથી, પણ ઘાતક છે. એવું અંતિમ સત્ય વ્યક્ત કરતા કહે છે. પડદો રાખીને સીતા રામજીની સાથે જંગલોમાં ભટકી હશે? સીતાના કરતાં વધારે પવિત્ર સ્ત્રી જગતમાં કદી પણ થઈ છે ? બહેનોને કહો : પડદો તોડો, ધર્મ રાખો.

પુરુષની કુદૃષ્ટિથી સ્ત્રીઓનું રક્ષણ કરવા સારું પડદો ઈલાજ નથી, પણ પુરુષની પવિત્રતા એ ઈલાજ છે. આપણે વહેમ અને ઓઝલને નથી પોષવા, તો નિર્લજ્જપણાને અને સ્વચ્છંદને પણ નથી પોષવાં. આ મધ્યમ માર્ગ સીધો છે પણ વસમો છે. હું લાજ - પડદાનો કટ્ટર વિરોધી છું, પણ મર્યાદા તો હોવી જ જોઈએ.

સાચો પડદાનો કટ્ટર વિરોધી છું, પણ મર્યાદા તો હોવી જ જોઈએ. સાચો પડદો હૃદયમાં રાખો.

પડદાનો સાચો અર્થ છે એ છે કે તમે કામ, ક્રોધ, મોહની સામે પડદો રાખો. એટલે કે તમારા મનને કાબૂમાં રાખો. આ બાહ્ય પડદો તો કેવળ ધતિંગ જ છે. મન મેલું હોય અને બહાર પડદો રાખો તેનો કંઈ જ અર્થ નથી.

સાચો પડદો દિલનો હોય. બહારનો પડદો રાખવાનું ગમે તે ધર્મમાં ગમે તે જાતનું ફરમાન હોય તો પણ આજના જમાનાને તે રિવાજ તદ્દન પ્રતિકૂળ અથવા વિસંગત છે. પડદાના રિવાજનો મર્મ તો દિલનો મલાજો પાળવાનો છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

સૌજન્ય અને સંસ્કારમૂર્તિ : રાજ્યકવિ પિંગળશીભાઈ નરેલા

આપણાં સમર્થ લોકસાહિત્યકાર તથા સંશોધક ઝવેરચંદ મેઘાણીએ ભાવનગર રાજ્યના રાજ્યકવિ કવિરાજ પિંગળશીભાઈની ચિર વિદાયના પ્રસંગે માર્ચ-૧૯૩૯ માં લખ્યું હતું તે ફરી ફરી સ્મૃતિમાં આવે છે. મેઘાણીએ લખ્યું :

" તેઓ (પિંગળશીબાપુ) સવારે ચાર વાગે જાગતા. દાતણપાણી કરી કલમ હાથમાં લેતાં. આત્મસ્ફૂરણા લખાવે તેમ લખતા. સહેજ પણ સમય મળે ત્યારે કવિતાનેજ ઉપાસતા. આ કવિના પ્રભુ-વિહારના, આત્મબોધના અનેક રુચિકર કાવ્યો સૌરાષ્ટ્રના દૂર દૂરના ગામડે એકતારાઓ પર ગવાતા. આ લખનારે (મેઘાણીએ) પોતાની નાની ઉંમરે ધારીગુંદાળી નામના ગામડામાં સાંભળેલું સુંદર પદ સચોટપણે યાદ છે.

કહે કવિ પિંગળ
મુરતિ મહા મંગળ !
મારા રુદિયામાં વસો તો
મારે શું છે બીજું કામ ?
ગોકુળિયું નાનું ગામડીયું
શા માટે આવો શામ !

"પિંગળ" નામના કોઈ પુરાતન સંતની આ વાણી છે તેમ લોકો માનતા અને હું પણ એમજ સમજતો હતો."

મહાકવિ નાનાલાલે કવિરાજના પુત્ર હરદાનભાઈને કવિરાજની ચિર વિદાયના પ્રસંગે આશ્વાસન આપતા લખ્યું હતું :

"કવિરાજ પિંગળશીભાઈના અસવાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. ગુજરાતની જૂની કવિતાનો છેલ્લો સિતારો આથમ્યો છે. પિંગળશીભાઈની વિદાયથી મને ભાવનગર કવિતા સૂનું થયું ભાસે છે. તેમની કવિતાવેલ સૂકાય તેવી નથી. "

ભાવનગર રાજ્યના રાજ્યકવિ પિંગળશીભાઈ નરેલા એક આયખામાં યુગો સુધી લોકસ્મૃતિમાં રહે તેવી ઉજળી કીર્તિ ફેલાવીને ગયા. ઉત્તમ સાહિત્યકાર, મહાન સર્જક તથા ઉમદા માનવી એવા આ રાજ્યકવિનું અવસાન માર્ચ-૧૯૩૯ માં થયું. આ અવસાનને મેઘાણીએ જાણે ગરવાનું ટૂક તૂટી પડ્યું હોય તેવી વ્યથા સાથે નોંધ્યું અને પોતાની વેદનાને શબ્દોમાં પ્રગટ કરી. કવિ શ્રી દુલા ભાયા કાગે પોતાના બળકટ શબ્દોમાં કવિરાજ પ્રત્યેનો પોતાનો આદરભાવ વ્યક્ત કર્યો.

સઘળે સ્થાનકે દીઠો
પિંગળશીને સઘળે સ્થાનકે દીઠો
મહારાજાઓને ડાયરે – ડાયરે
સાચું સંભળાવતો મેં દીઠો
ઝૂંપડીઓની વણીને વેદના
ગીતમાં ગાતો મેં દીઠો..
ડેલીએ બેઠો અડીખમ ડુંગરો
દેતાં દેતાં મેં દીઠો...

ભાવનગર જિલ્લાના સિહોર ગામમાં કવિરાજ પિંગળશીભાઈનો જન્મ ઓક્ટોબર-૧૮૫૬ માં થયેલો. તેમના પિતા પાતાભાઈ નરેલા ભાવનગર રાજ્યના રાજ્યકવિ હતા. કેટલાક કવિઓ યુગ ઉપર પોતાની છાપ છોડતા જતા હોય છે. આવા જુજ કવિઓમાં પિંગળશીભાઈનું નામ અગ્રસ્થાને મૂકી શકાય તેવું છે. તાજેતરમાં જેમનું નિધન થયું તે કવિ નિરંજન ભગતનું નામ પણ આ સંદર્ભમાં તરતજ સ્મૃતિમાં આવે તેવું છે. પિંગળશીબાપુની સદાકાળ સ્મરણમાં રહે તેવી રચના– " ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું ? " આજે પણ વિચારતા કરી મૂકે એવી એક કાવ્યરચના છે.

ચારણ કવિઓની એક ઉજળી તથા અલગ પરંપરા છે. સાહિત્યના અનેક ગુરુશિખરનું દર્શન આ પરંપરાના કવિઓની રચનાઓમાં જોવા મળે છે. ભક્તકવિ ઈસરદાસજી કે સમર્થ સાંયાજી ઝૂલા જેવા અનેક દિગ્ગજ કવિઓ થકી આ ભાતીગળ પરંપરા સોહામણી બની છે. તત્કાલિન કાળના રાજા – મહારાજાઓ ઉપરાંત વિશાળ જનસમૂહે આવી ચારણ કવિઓની રચના આસ્વાદી તથા પ્રમાણી છે. ઈસરદાસજીના હરિરસ પઠનનું મહત્વ આજે પણ જળવાઈ રહેલું છે. આમ બનવા પાછળ ઘણા કારણો છે. આ કારણોમાં એક મહત્વનું કારણ એ છે કે અનેક રચનાઓ પ્રકૃતિ તથા પરમેશ્વરને નજર સમક્ષ રાખીને સહજ ભાવે કે ઉપાસક ભાવે લખવામાં આવી છે. આથીજ સૂરદાસ કે મીરાંની રચનાઓ જેમ આ ચારણ કવિઓની રચનાઓ સમયના પ્રતિકૂળ પ્રવાહમાં પણ ઝાંખી – પાંખી થઈ નથી. પરમ તત્વની પ્રાપ્તિ માટે નામસ્મરણનો જે મહીમા મહાકવિ તુલસીએ ગાયો એવોજ નામસ્મરણનો આધાર ભક્ત કવિ ઈસરદાસે લીધો છે. તુલસીએ લખ્યું :

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

યહ કલિકાલ ન સાધન દૂજા
જોગ જગ્ય જપ તપ વ્રત પુજા
રામહી સુમીરીએ ગાઈએ રામહી
સંતન સુમીરીએ રામ ગુન ગ્રામહી.

કોઈપણ કાળખંડમાં કલ્યાણકારી એવા નામસ્મરણનો જે મહીમા તુલસીએ કર્યો છે તેનોજ પ્રતિઘોષ ઈસરદાસજીની વાણીમાં સંભળાય છે.

નામ સમોવડ કો નહિ
જપ તપ તીરથ જોગ
નામે પાતક છૂટસી
નામે નાસે રોગ.
ક્ષુધા ન ભાંગે પાણીએ
તુષા ન છીપે અન્ન,
મુક્તિ નહિ હરિનામ વિણ
માનવ સાચે મન્ન.

તુલસીદાસજી તથા ઈસરદાસના માર્ગવિહારી કવિ પિંગળશીભાઈની પ્રીતિ પણ પરમાત્મા પ્રતિ સ્થિર થયેલી છે. રાજ્યકવિનો માન-મરતબો કે બાહ્ય ઠાઠ-માઠ હોવા છતાં તેનાથી અલિપ્ત રહીને આ કવિને સંકટ-લોચક તો એક હરિવરજ દેખાય છે. તેઓ લખે છે :

હરિવર સંકટ હરતા
મુને ઘડી નથી વિસરાતા..

પ્રભુ પરત્વેની અપાર શ્રધ્ધા, રાજવી તરફની લોહીમાં વણાયેલી નિષ્ઠા તેમજ જન સામાન્ય સાથેનું નિત્ય તથા જીવંત અનુસંધાન જે આ કવિમાં જોવા મળે છે તેનો જોટો ભાગ્યેજ જોવા મળે છે. તેઓ રાજ્યના માત્ર રાજ્યકવિ ન હતા પરંતુ પોતાના અભિપ્રાયને સ્પષ્ટ રીતે રજૂ કરવાની જન્મજાત નીડરતાના કારણે રાજ્યના સલાહકાર હતા. ડૉ. વીરભદ્રસિંહજીએ આ બાબતની નોંધ પણ કરી છે. હોળી – ધૂળેટીના ફૂલગુલાબી માહોલમાં કવિએ મોટું ગામતરું કર્યું. જીવનના અનેક વળાંકોમાં માર્ગદર્શક બને તેવી કાવ્ય ગંગોત્રીની ધારા વહાવીને તેઓ ગયા છે. કવિરાજ પિંગળશીભાઈ તેમના બળકટ સર્જનોને કારણે આપણી સ્મૃતિમાં સદાકાળ રહેવાના છે. મધ્યયુગના સંતો – ભક્તકવિઓના માર્ગ ઉપર ચાલીને જીવન વ્યતિત કરનારા કવિરાજની વિશેષ સ્મૃતિ આ માસમાં થાય છે. રાજ્યકવિની જગ પ્રસિધ્ધ ડેલીની શાખ તેમના વારસદારો જાળવી શક્યા છે તેનો આનંદ છે.

નવીનચંદ્ર ડોડિયાના કાવ્યસંગ્રહનું વિમોચન કરાયું

● ગુજરાતી સાહિત્ય પરિષદની રવિશંકર રાવળ વ્યાખ્યાન શ્રેણી, અંતર્ગત આ શ્રેણીનું પંદરમું વ્યાખ્યાન તા. ૨૬-૧-૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ વાગે બાલકૃષ્ણ દોશીએ 'પોરોસીટી, પેરાડોક્સ, પ્રેક્ટિસ માય જર્નિ' વિષય ઉપરનું વકતવ્ય રા.વિ. પાઠક સભાગૃહમાં આપ્યું હતું.

● ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રને કોલકાત્તાની ભારતીય પરિષદ દ્વારા 'કૃતિત્વ સમગ્ર સન્માન - ૨૦૧૮' થી સન્માનિત કરવામાં આવનારા છે. આ સન્માન તા. ૧૦મી માર્ચ, ૨૦૧૮ના રોજ કોલકાત્તા ખાતે યોજાનારા અલંકરણ સમારોહમાં કરવામાં આવશે તથા આ પ્રસંગે બે દિવસનો રાષ્ટ્રીય સેમિનાર પણ યોજાનાર છે. તેઓને શુભકામનાઓસહ અભિનંદન.

'તોફાની તાંડવ' ગુજરાતી દૈનિક આયોજિત કવિ સંમેલનમાં તા. ૨૮-૧-૨૦૧૮ના રોજ ડૉ. એસ.એસ. રાહી; 'ડૉ. અશોક ચાવડા' 'બેદિલ'; અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, તેજસ દવે, ચંદ્રેશ મકવાણા, ભાવિન ગોપાણી તથા ડૉ. સતિન દેસાઈ 'પરવેઝ' દ્વારા કાવ્યપઠન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિગર ઠક્કર, સાકેત દવે તથા રાજેશ ઠક્કર સહિત અન્ય મહાનુભાવો અને ભાવકો ઉપસ્થિતિ રહ્યા હતા.

● 'લય પ્રલય' સંસ્થા દ્વારા રમેશભાઈ વસાણીની ઉપસ્થિતિમાં આણંદની લાયન્સ કલબ કલબ ખાતે તા. ૨૮-૧-૨૦૧૮ના આયોજિત સાહિત્ય મહોત્સવ - ૨૦૧૮ અંતર્ગત લેખનક્ષેત્રે પ્રવૃત્તા અનેક નવ્ય કલમોને પોંખવામાં આવી હતી જેમાં અનેક નામાંકિત સાહિત્યકારો ઉપસ્થિતિ રહ્યા હતા.

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ હીરાલાલ ભગવતી સભાગૃહ ખાતે 'આદિવાસી સમાજ અને સાહિત્યમાં વ્યક્ત થતું જીવન રહસ્ય' બાબતે ભગવાનદાસે પટેલનું વ્યતવ્ય અને તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ અમદાવાદના ઈતિહાસની ઝાંખી સાથે, હેરિટેઝ સિટી - અમદાવાદ વિષેના ગુજરાતી કાવ્યોનું બાળકો દ્વારા કાવ્યગાન કરવામાં આવ્યું હતું, જેના સંયોજક પ્રિ. અનિલ રાવળ હતા.

● 'ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ' માટે ઊર્મિ ઘનશ્યામ દેસાઈને તથા અનુવાદક કવિ હરિશ મિનાશ્રુને 'હમ્પીના ખડકો' ના અનુવાદ માટે સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પુરસ્કારથી નવાજમાં આવશે. તેઓને અભિનંદનસહ શુભકામનાઓ.

● ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસબાદ સેવાની ભેખ ધરીને ગ્રામ્ય સેવામાં ખૂંપી જનાર ગ્રામ શિલ્પીને 'મહાદેવ દેસાઈ સમાજ સેવા પુરસ્કારથી સન્માનવામાં આવે છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાનાં ખોબા ગામમાં સેવાકાર્યો કરનાર નિલમ ધીરુભાઈ પટેલને આ વર્ષે, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ઈલાબેન ભટ્ટના હસ્તે આ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહ, કુલસચિવ રાજેન્દ્ર ખીમાણી અને અગ્રણી સામાજિક કાર્યકર મનુભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રાથમિકથી માંડીને પી.એચ.ડી.' સુધી વિદ્યાર્થી રહેનારા અને આજે કવિ તરીકે અને પાઠ પરંપરાના ગાદીપતિ તરીકે ખ્યાતિ ધરાવનાર ડૉ. દલપત પઢિયારે સમારોહને અનુરુપ પોતાની રચના સંભળાવી હતી. કાર્યક્રમનું સંચાલન નીતિનભાઈ ઢાઢોદરા એ કર્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે તા. ૨૫-૦૨-૨૦૧૮ના રોજ ડૉ. આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે, કવિ નગીનચંદ્ર ડોડિયાના કાવ્યસંગ્રહ 'પિંજિકા' વિષેનું વકતવ્ય જાણીતા સાહિત્યકાર સાહિલ પરમાર દ્વારા આપવામાં આવ્યું હતું. અંતમાં દલિત શહીદવીર ભાનુભાઈ વણકરને શ્રદ્ધાંજલિ અર્પી હતી. જેમાં દલિત સાહિત્યકાર - કવિ પ્રવીણ ગઢવી, જાણીતા કવિ જીતેન્દ્ર કા. વ્યાસ અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી' ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

-muljibhaidadhi@gmail.com